# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૫ ● સળંગ અંક : ૧૨૯ ● તા.૨૮ નવેમ્બર થી ૦૪ ડિસેમ્બર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# લોકડાઉન દરમ્યાન સૌશ્યલ મિડીયા દ્વારા વ્યાપારમાં ધરખમ વધારો

## સમસ્ત મહાજનની ઐતિહાસિક આગેકૂચ




SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-ઃ સંપાદક ગણ ઃ-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-ઃ કાર્યાલય ઃ-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ચિંતા ચિતા સમાન

કેટલીક વ્યક્તિ પર નાનકડી એવી મુશ્કેલી કે દુઃખ આવી પડે તો જાણે રાઈનો પહાડ આવી પડ્યો હોય એવી યાતના આવી ચડી એવો ભાર લઈ લે છે. હતાશા, નિરાશા અને પરેશાનીથી લમણે હાથ મૂકીને નવરા બેસી પોતાની જાતને, પોતાના નસીબને અને હાથે ચડ્યા એને કોસે છે. જેના પર ભરોસો મૂક્યો એ વ્યક્તિ દગો કર્યો હોય, નોકરી ચાલી ગઈ હોય, ધંધામાં ખોટ ગઈ હોય, કોઈ પૈસા તફડાવી ગયું હોય, માંદગીને કારણે શરીર અસ્વસ્થ રહે અથવા ઘર પરિવારમાં કલેહ કંકાસથી ત્રસ્ત હોય ત્યારે હતાશા અને નિરાશાની ઊંડી ખીણમાં ઉતરી જાય છે. જાણે કે આભ તૂટી પડ્યું હોય. આવા ઢીલા પોચાં નરમ દિલ ઈન્સાન ખરું માનો તો નાના નાના દુઃખોને પંપાળીને મોટા કરે છે. આવી ચડેલી મુસીબતોનો સામનો કેમ કરવો એ વિચારવાને બદલે તકલીફ આવી, સંકટ આવ્યું એની પળો જણ માંથી ઊંચા નથી આવતા.

સુખ અને દુઃખનું ચક્ર એક ઘટમાળ છે. એ જીવનનું સત્ય છે. એ સ્વીકારીએ અને તેનો મુકાબલો કરીએ મહત્વનું છે. સમય અને સંજોગોને લીધે આવી પડતી તકલીફોને આપણે કેવી રીતે હેન્ડલ કરીએ છીએ એનાથી જ તો આપણું ભવિષ્ય ઘડાય છે. સુખ દુઃખની વાતોને આપણે મન પર કેવી રીતે લઈએ છીએ તેના પર ખરો મદાર છે. આપતિ અને ઉન્નતિમાં કેવી રીતે રહેવું આપણા હાથમાં છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ સૌને આવે છે. આ આપદા સો કેટલીક આકસ્મિક હોય છે, કેટલીક આપણે પોતે ઊભી કરેલી હોય છે, તો અમુક કર્મ, સંજોગો અને સમયને કારણે સર્જાતી હોય છે. ચિંતા કોને નથી હોતી? આ ચિંતાનો ભાર સતત આપણા મનો મસ્તિક ઉપર સતત મંડરાયેલો હોય તો એનાથી આપણું મનોબળ નબળું પડે છે. જે અંદરથી ખોખલું કરી દે છે જાણે ઉધઈ લાકડાને કોરીને પોકળ કરી દેતી હોય છે.

મોટા ભાગની ચિંતા બિનજરૂરી, નાહક આપણે ઊભી કરેલી હોય છે. શાંત, સ્થિર, મનથી, સમાધાનપૂર્વક વિચારી પગલું ભરીએ તો આપોઆપ તેનો ઉકેલ સ્ફુરી આવે. દરેક સમસ્યા તેનું સમાધાન લઈને જન્મે છે. માત્ર તેની શોધ આપણને કરવી પડે છે. ધીરજપૂર્વકના પ્રયાસો અને સાનુકુળ સમયની રાહ જોવી એ આવી તકલીફો હટાવવાનો ખરો માર્ગ બની શકે છે.

વ્યક્તિ માત્રને વર્તમાનની ચિંતાઓ જેટલી નથી સતાવતી એટલી ભવિષ્યમાં શું થશે એની ભયાવહ કલ્પના ભયભીત કરે છે. આ વિકરાળ હાઉને લીધે દુઃખી અને ભયભીત રહી પોતાની હિંમત, ધૈર્ય અને કુશળતા ખોઈ બેસે છે. કેટલીક વ્યક્તિઓ લમણે હાથ ધરી બેસી રહેનારા હોય છે. તો કેટલાક ‘પડશે એવા દેવાશે’ એ નીતિને નજર સમક્ષ રાખીને ચાલનારા હોય છે. આ વિચાર ધરાવનારા ખોટી ચિંતા કરતા નથી અને ચિંતાને કારણે પોતાની ચિતા ન ખડકાય એની ચાવત રાખે છે. માટે જ જ્ઞાનીઓ કહી ગયા છે. ‘ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, બળ ઔર જ્ઞાન, ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.’

– જય જ્ઞાતિમૈયા

# જે નડે છે, એ આંખે ચડે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં જ નહીં, વ્યવહાર, સંબંધ કે વહીવટમાં એવો જ વણ લખ્યો નિયમ છે કે જે વ્યક્તિ વારંવાર આપણને નડતો હોય, કનડતો હોય તેની ચર્ચા ટોળે વળીને સૌ કરતા રહે છે. સીધો, સરળ, સાદોને ભોળો હોય સૌને સહાય કરવા તત્પર રહેતો હોય એની કોઈ નોંધ લેતો નથી. એની ગણના કોઈ કરતું નથી. ચર્ચાતો સદાય જે મારગને રૂંધતો હોય એની જ થતી હોય છે. આ વણલખ્યો ધારો છે. આવી જ પરિસ્થિતિ શરીર અંગમાં જે અંગમાં કળતર થતી હોય, જેને લીધે અસુખ રહે, દર્દ થાય, સણકા પડે એ અંગ પ્રત્યે આપણે સચેત રહેતા હોઈએ છીએ, સજાગ, સાવધ અને તેની પ્રત્યે માવજત ધરાવતા રહીએ છીએ. કારણ કે એને લીધે શરીરમાં, સ્વભાવમાં જંપ રહેતો નથી. શાંતિ મળતી નથી કે સહજતા, સરળતા વર્તાતી નથી. એટલે મન મગજનું ધ્યાન એ પ્રત્યે રહ્યાં કરે છે.

જે પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરે છે. જે જવાબદારીઓનું રોપણ કરવા કરવા અન્યના ખભા નથી શોધતો, જે ઈમાનદારીપૂર્વક આગળ વધે છે. પોતાની ફરજને ઉત્કૃષ્ટ રીતે ગતિમાં ધપાવે છે. તેની તરફ દુર્લક્ષતા રાખીએ છીએ. પણ, જે પોતાની મંઝિલ ભણી આગળ વધવાને બદલે બીજાના મારગને રૂંધતો હોય, જે સતત બીજાની ગતિ, પ્રગતિને રોકતો હોય. અવરોધ તો હોય એની વાત, એની આડાઈની ચર્ચા સતત થતી હોય છે. સતત નડતર રૂપ થતા લોકોને મહતા આપી, તેમના કામની પ્રત્યે સજાગતા રાખી તેમને ઉપર ચડાવીએ છીએ. જો તેઓને નજર અંદાજ કરીએ તો તેઓની ફૂલેલી મહતામાં પંક્ચર પડી જવાનું, આવા પાણીમાં ઉદ્‌ભવતા પરપોટા આપોઆપ શમી જવાના. જો એમની પ્રત્યે દુર્લક્ષતા રાખીએ. એના કરતા તો જેઓ સરળ છે, સીધા છે, તેમની મહતા કરીએ, તેમના કાર્યને બિરદાવીએ તો એમની પ્રગતિ ઝડપી થશે, સફળ રીતે થશે.

આંખમાં પડીને કણાની જેમ ખટકતા કસ્તર જેવા તત્વો આંખને પીડા આપી, લાલાશ આપીને અશ્રુજળમાં જ વહી જવાના. એમની મહતા એટલી જ ક્ષણો પૂરતી જ રહેવાની.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની ઐતિહાસિક આગેકૂચ

## લોકડાઉન દરમ્યાન સૌશ્યલ મિડીયા દ્વારા વ્યાપારમાં ધરખમ વધારો




ભાગવત ગીતામાં કહેવામાં આવ્યું છે કે જે થાય છે તે સારા માટે જ્યારે કોઈ એકનું નુકશાન થતું હોય ત્યારે તેને ભરપાઈ કરવા માટે કુદરત બીજા દરવાજા ખોલી જ નાખે છે. આ વાક્ય આપણી જ્ઞાતિ માટે સત્ય પૂરવાર થઈ છે. માર્ચ મહિનાથી જે લોકડાઉન શરૂ થયું ત્યારથી આપણા જ્ઞાતિમાં આપણી જ્ઞાતિના યુવાનો, વયોવૃદ્ધ બધાઓએ ડિજીટલ મિડીયા વાપરતા થઈ ગયા અને આ તકનો લાભ સમસ્ત મહાજનના બીટુબી સમિતિએ પુરેપુરો લીધો. તેમણે જે આપણી જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય વેપારનો છે અને નાના-મોટા ઉદ્યોગો દ્વારા તેઓ ઘર બેઠા પણ આવકનું સાધન ઉભુ કરે છે. બીટુબી સમિતિના દરેકે દરેક પદાધિકારીઓએ તન-મન-ધનથી કાર્ય કરી અને વેપારનો વિકાસ કેટલો જલ્દી થઈ શકે તેવા બધા પ્રયત્નો કરી અને ૪ મહિનાના ટૂંકા ગાળામાં ૭૦૦થી વધારીને સીધા ૪૦૦૦ ઉપરના નાના-મોટા વેપારીઓ, લઘુ ગૃહ ઉદ્યોગો, એન્ટરપ્યુનરોનો સંપર્ક સાધી અને એક મોટુ વેપારનું પ્લેટફોર્મ ઉભુ કરી લીધું છે.

આજે જ્યારે આ લખાય છે ત્યારે દિવસમાં ઓછામાં ઓછા ૧૦૦થી વધુ વેપારીઓ એકબીજાનો સંપર્ક સાધી અને જ્ઞાતિમાં જ વેપાર કરતા થઈ ગયા છે એ ખરેખર સમસ્ત મહાજનની ઐતિહાસીક આગેકૂચ છે.

આપ અગર જો બીટુબીના મેમ્બર ન થયા હો તો આપ હજી પણ આ બીટુબીમાં ન જોડાયા હોય તો જોડાવવા માટે નીચે આપેલ લીંક ઉપર ક્લીક કરીને જોડાઈ શકો છો. તદ્દુપરાંત વોટ્સએપમાં વિવિધમાં પેટા વિભાગો છે જે દરેકે દરેક વ્યવસાયને કનેક્ટેડ છે એમાં વિભાજન કરવામાં આવેલ છે.

### ફેસબુક લીંક




### વોટ્સએપ લીંક



# આત્મનિર્ભર કેડીઓ નારીના સમર્થકોને લાખ લાખ વંદન




કેડીઓ જ્ઞાતિની સ્વમાની સ્ત્રી શક્તિને સ્વ સાર્મથ્યની તાકત આપવા જ્ઞાતિની ઉદારદિલ પ્રતિભાઓ આગળ આવી રહી છે. જે ઉત્સાહ પ્રેરક છે.

આ યોજનાના પ્રેરક બનનાર દાતા હેમાંગ જી. છેડા અને જયશ્રીબેન કે. દંડની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. તેમના આ સાથ સહયોગની પ્રેરણા અન્યોને મળે એવી આશા, વિશ્વાસ અને શ્રધ્ધા. સમસ્ત મહાજન, નારી શક્તિ ટીમ અને સ્વરોજ ટીમ ધરાવે છે. આવો આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને સ્વનિર્ભર આત્મનિર્ભર બનાવીએ.

# આત્મનિર્ભર કેડીઓ નારી ઝુંબેશને આર્થિક મદદ કરી આ પ્રકલ્પને મજબૂત તાકત આપો

સમસ્ત મહાજનની કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિની જ્ઞાતિની ગૃહિણી બહેનો જે ઘર બેઠાં પોતાની રીતે સ્વરોજગાર મેળવી પોતાની રીતે આગળ વધી શકે, સ્વતંત્ર અને સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરી શકે એવા ઉમદા ખ્યાલને હકીકતમાં પરિવર્તિત કરતી સ્વમાન યોજના જેવી આત્મનિર્ભર કેડીઓ નારી અંતર્ગત જરૂરિયાતમંદ જ્ઞાતિની ગૃહિણીઓને સિલાઈ મશીન આપી તેમને તાકાત બક્ષવી એ આ યોજનાની વિશિષ્ટતા છે.

આ સ્ત્રી સ્વાભિમાનને પ્રેરક બનતી યોજનાને સમર્થન આપવા જ્ઞાતિના ઉદાર દિલ શ્રેષ્ઠીઓ નમ્ર વિનંતી. વિવિધ રકમનું સ્વૈચ્છિક દાન આપી યોગદાન આપી આ યોજનાના હામી બનો.

સ્વરોજ કમિટીને કેડીઓ જ્ઞાતિ મહિલાઓ પાસેથી સીવણ મશીનની ઘણી અરજીઓ પ્રાપ્ત થઈ છે. માત્ર આપનો સબળ ટેકો મળે એનો ઈન્તજાર છે.

તો આવો આગળ આવો અને જ્ઞાતિની મહિલા શક્તિને સબળ સાથ આપો જેથી કેડીઓ નારી પોતાની આવડત, હસ્તકલા હુન્નર દ્વારા ગૃહ ઉદ્યોજક તરીકે પોતાને સ્થાપિત કરી શકે. આપનો સાથ-જ્ઞાતિની નારી શક્તિનો વિકાસ.

# કેન્દ્ર સરકારની માયનોરીટી સ્કોલરશીપ માટે કુણાલ ડાઘાનું ઉપયોગી માર્ગદર્શન સૌને યથાર્થ રીતે મળે છે



માયનોરીટી સ્કોલરશીપ અંગે સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ આયોજનો ઘડવામાં આવેલ છે જે માહિતી વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે માટે માંડવીના કુણાલ તીલક ડાઘાએ વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવી તેમને માર્ગદર્શન આપી ફોર્મ વિગેરે પ્રક્રિયાઓ ઓનલાઈન તેમજ એક ખાસ પ્રકારનો વિડીયો બનાવી યુટ્યુબ ઉપર મૂકેલ છે. જે માત્ર ૫.૧૧ મીનીટનો હોઈ દરેક વિદ્યાર્થીને મુંઝવતા પ્રશ્નોનો તેમાં સમાધાન થઈ જાય છે.

કુણાલ ડાઘાની મુલાકાત લેતાં તેઓએ જણાવેલ કે, છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે માર્ગદર્શન આપી ફોર્મ વિગેરે ભરાવેલ. આ સ્કોલરશીપ બે પાર્ટમાં મળે છે. પ્રી મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક આયોજનની લીંક પોર્ટલ માત્ર સપ્ટે., ઓક્ટો. અને નવેમ્બર માસ દરમ્યાન ખુલ્લી રહે છે. જેમાં ઓનલાઈન ફોર્મ સબમિશન કરવું પડે છે. આ માટેની વેબસાઈટ www.nsp.gov.in છે. આ સ્કીમનો લાભ લેવા માટે વિદ્યાર્થીનો આધારકાર્ડ બેંક ખાતાની વિગત, છેલ્લા અભ્યાસ વર્ષનું રીઝલ્ટ અને વાલીના આવકના પ્રુફ જરૂરી છે.

સ્કુલ-કોલેજની વાર્ષિક ફી રૂા.૫૦ હજારથી વધુ હશે તો કોલેજ ફી રસીદ, હોસ્ટેલ રસીદના પુરાવા સંલગ્ન કરવા પડે છે. જે વિદ્યાર્થીએ ૫૦ ટકાથી વધુ માર્ક મેળવ્યા હોય એ આ યોજનાનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

શ્રી ડાઘાએ વિદ્યાર્થીઓને કેટલી રકમ સ્કોલરશીપમાં મળી શકે? તે અંગે જણાવેલ કે ધો.૧ થી ૫માં દર વર્ષે રૂા. એક હજાર, ધો.૬ થી ૧૦માં દર વર્ષે રૂા.પાંચ હજાર છસો, ધો.૧૧-૧૨માં દરવર્ષે રૂા. નવ હજાર તથા કોલેજમાં ફી પ્રમાણે રૂા. પચ્ચીસ હજાર કે તેથી વધુ રકમ મળી શકે. ઉપરોક્ત ફોર્મ ઓનલાઈન ભરતાં શું શું સમસ્યા, કવેરી આવશે? અને તેનું શુ નિરાકરણ કેવી રીતે લાવવું તે અંગે ઉપયોગી માર્ગદર્શન યુ ટ્યુબ દ્વારા વિડીયો બનાવવામાં આવેલ છે. જેની લીંક https://youtu.be/yz7qj58inko છે. આ ઉપરાંત માર્ગદર્શન મેળવવા કે એના વિશેના સવાલ કરવા તેમના વોટસએપ નંબર ૭૫૬૭૧૧૮૫૯૯ ઉપર સંપર્ક કરી શકાશે.

# બોંતેર જિનાલયમાં ગુરુ મંદિર નિર્માણની ખનનવિધિ કરાઈ




જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના કાળધર્મ બાદ કચ્છમાં યશોધન વર્ધમાન બોંતેર જિનાલયમાં જે સ્થળે તેમનો અગ્નિસંસ્કાર થયેલ ત્યાં તેમનું ગુરૂ મંદિરના નિર્માણની ખનન વિધિ તા.૨૪ નવેમ્બર મંગળવાર રોજે સવારે ૮.૩૦ કલાકથી પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા.ની પુનિત નિશ્રામાં વિધિકાર ચંદ્રકાન્ત દેઢિયાના સથવારે કરાઈ.

આ વિધિ અગ્નિદાહનો ચડાવો લેનાર પરિવારના સભ્યો તથા બોંતેર જિનાલયના ટ્રસ્ટીઓ દ્વારા થઈ.

કોરોના મહામારીના વર્તમાન સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા નવા નિયમોનુસાર નો પરિપત્ર જાહેર નામું બહાર પડાયેલ તે મુજબ અત્યંત સાદાઈથી આ વિધિ સંપન્ન થઈ. શ્રી સંઘો, મહાજનો તથા ગુરૂ ભક્તોને ટ્રસ્ટ દ્વારા સરકારી અનુજ્ઞાનું પાલન કરવાની સખત સૂચનાનો અમલ કરવા વિનંતી કરાઈ હતી અને સ્થાનિકે સંઘમાં જ આ વિધિ સમયે ગુરૂ ભક્તિનું આયોજન કરી પ્રગટ ભાવ લેવાની આગ્રહ કરાયો હતો. જેમાં સૌએ ઉતમ સાથ સહયોગ આપ્યો હતો.






# તિરૂપુરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું





તા.૨૪ નવેમ્બર મંગળવારના સવારે ૯.૩૦ કલાકથી ગર્વમેન્ટ હોસ્પિટલ તિરૂપુર સ્થળે સતત સાત વર્ષથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પ્રાચી એક્ષ્પોર્ટ, રાઉન્ડ ટેબલ, લેડિઝ સર્કલ અને સેવાભાવી સંસ્થા મયુરાચી મક્કલ અમિયાપુના સંયુક્ત આયોજનથી કરાયું.

પ્રારંભે પ્રાચી એક્ષ્પોર્ટના એસ.એમ.આર. સતિષ નાગડા સૌનું સ્વાગત કર્યું સી.ઓ.ઓ. હાર્દિક ડી.છેડાએ પધારેલ મહાનુભાવોનું મોમેન્ટો આપી સત્કાર કર્યો હતો.

પ્રાચી એક્ષ્પોર્ટના સ્ટાફ તથા કર્મચારી ગણ દ્વારા રાઉન્ડ ટેબલના મેમ્બર ડૉ. વસંતકુમાર અને તેમના ટીમ મેમ્બરોએ ૫૮ યુનિટ બ્લડ કલેક્ટ કર્યું હતું. આ કેમ્પનું સમગ્ર આયોજન સતિષ એચ.નાગડા દ્વારા કરાયું હતું. રક્તદાતાઓને ચા-નાસ્તો અને લંચ અપાયું હતું. ચીફ ગેસ્ટ રાઉન્ડ ટેબલના ચેરમેન શ્રી મનોજએ અધ્યક્ષ સ્થાનેથી પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. મયુરાચી મક્કલ અમિયાપુના સેક્રેટરી શ્રી પરમેશિવમએ આભાર દર્શન કર્યું હતું.

સીઓઓ હાર્દિક ડી. છેડા અને એસ.એમ.આર. સતિષ નાગડા અન્ય મેમ્બરો સાથે બ્લડ ડોનેટ કરી માનવીય ફરજ અદા કરી સેવાધર્મ નિભાવ્યો હતો.






જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શાશ્વત મહાતીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજ બાબતે શ્રી સકળ સંઘને શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું જાહેર નિવેદન

ભાવનગરના કલેક્ટર શ્રી દ્વારા માર્ગદર્શિકા અપાઈ છે. જેમાં ધાર્મિક પ્રસંગો પર પ્રતિબંધ જાહેર કરાયેલ છે. જેમાં કોરોના સંક્રમણના વધી રહેલા પ્રભાવને રોકવા શાશ્વત મહાતીર્થ શ્રી શંત્રુજ્ય ગિરિરાજની યાત્રા તેમજ પરમ પાવન શ્રી જય તળેટી એ સેવાપૂજા અંગેની મહત્વની માર્ગદર્શિકા શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સકળ સંઘને માટે જાહેર નિવેદન દ્વારા પ્રગટ કરાઈ છે.

૧) પૂ.દાદાજીના અઢાર અભિષેક અને પૂ.દાદાજીના જિનાલયની ૪૯૦ મી વર્ષગાંઠ નિમિત્તે શિખરની ધજાની બોલી કાર્તિક સુદ ૧૪ના રોજ રાખેલ તે મોકુફ રાખેલ છે તેમજ વૈશાખ વદ ૬ના દિવસે અન્ય ટૂંકોની ધ્વજારોહણ કરવાના લાભ આપવા અંગેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું કાર્તિક સુદ ૧૪ના રોજથી નક્કી કરેલ તે પણ પ્રર્વતમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મોકુફ રાખેલ છે.

૨) પરમ પાવન શ્રી જય તળેટીએ સેવાપૂજા, ચૈત્યવંદન વિ. કાર્તિક સુદ ૧૪ થી અન્ય બીજી કોઈ સૂચના ન થાય ત્યાં સુધી સ્થગિત રાખવાનું નક્કી કરેલ છે.

૩) શ્રી જય તળેટી સમીપે આવેલા ભાતા ઘરે ભાતું આપવાનું પણ હાલ પુરતું મોકુફ રાખેલ છે.

૪) ગિરિરાજ ઉપર યાત્રિકોની સંખ્યાના આધારે પેઢીનો સ્ટાફ-સ્વંય સેવક તરફથી જે કોઈ પણ નિર્ણય ત્વરિત લેવાય તે મુજબ યાત્રિકો એ સહકાર આપવાની વિનંતી શેઠ આણંદજી કલ્યાણજી ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ દ્વારા કરાયેલ છે.

---

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગના માજી પ્રમુખશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલી....



હે અનંતનાથ દાદા ! આવું શાને થાય છે ?
જેઓ હોય છે મનગમતા તેઓ જ તસ્વીર બની જાય છે.
આંખોમાં સદાય સ્નેહના સ્પંદનો છલકાતા હતા.
હૈયામાં સદાય હેતના સાગરો હિલોળા લેતા હતા.
નાના-મોટા સૌને આદરમાન આપનારા
માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગના
પ્રેરકબળ બનનારા, સૌમ્યશીલ, કરુણાહૃદયી, ધર્માનુરાગી,
પરોપકારી એવા અમારા વડીલભાઈ માવિત્ર સમાન ભાઈ
શ્રી લેરીનભાઈના ઓચિંતા નિધનથી
અમે સૌ મહિલા ગૃહઉદ્યોગની બહેનો
અત્યંત શોકની લાગણી અનુભવીએ છીએ.
પ્રેમાળ વ્યક્તિત્વથી સમાજને એક તાંતણે બાંધી રાખનાર
શ્રી લેરીનભાઈ આપની ખોટ અમને સદાય સાલશે.
તમારા આકસ્મિક નિધનથી
ઘર-કુટુંબ-સમાજમાં ખાલીપો સર્જાયો છે,
જે સદાય વણપુરાયેલો રહેશે.
આપની આ ચીર વિદાયથી અમોને કારમો આઘાત લાગ્યો છે.
હે પ્રભુ! સદ્‌ગતશ્રીના આત્માને મોક્ષગામી બનાવજે
એજ અમારા પ્રાંજલ પ્રાર્થના...

**શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના**

દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦

ગામ : સુજાપુર । હાલે : પવઈ

લી.
માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગની
શોકમગ્ન બહેનો વતી કમલા આર. ખોના

# સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાનના અખંડ અભિષેક દ્વારા ધર્મ આરાધના કરાઈ





પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના પરમ શિષ્ય પ.પૂ.મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિત સાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં અચલગચ્છાચાર્ય શ્રી મેરુતુંગ સૂરિ. મ.સા. રચિત ૐ નમો દેવ દેવાય સ્રોત દ્વારા ૪ અલગ અલગ ઔષધિથી ૧૦૮ વખત શ્રી પાર્શ્વનાથ ભગવાનના અભિષેક તા.૨૭ નવેમ્બર શુક્રવાર રોજે કરાયા.

સવારે ૭.૩૦ કલાકે સકલ સંઘને નવકારશી, સવારના ૮.૩૦ કલાકથી ૧૦૮ અભિષેક દ્વારા ધર્મ આરાધના ભવ્યતાથી થઈ અને બપોરના ૧૨ કલાકે સકલ સંઘને માટે સ્વામિવાત્સલ્યનો લાભ અપાયો.













# સાંગલી નગર સંઘમાં શ્રી ૧૦૮ અષ્ટોતરી શાંતિ સ્નાત્ર મહાઅભિષેક સંપન્ન થયા







શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં શનિવાર તા.૨૮ નવેમ્બર રોજે સવારે ૮.૩૦ કલાકે પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્ન સાગરજી મ.સા.ના પરમશિષ્ય પ.પૂ.મુનિરાજશ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છધિશ્વર પ.પૂ.આ.ભ.શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. તથા જ્યોતિષાચાર્ય પ.પૂ.આત્મ શ્રીમદ વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના ગુણ અનુમોદનાર્થે શ્રી ૧૦૮ અષ્ટોતરી શાંતિસ્નાત્ર મહાઅભિષેક અતિ ઉત્સાહ-ઉમંગથી સંપન્ન થયા. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધર્મ આરાધનાનો ધન્ય લાભ મેળવ્યો હતો.






પાદલિપ્તપૂર નગરે

અજોડ શાસન પ્રભાવક, સળંગ ૧૯ મા વરસીતપ આરાધક

**પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** સહ

અચલગચ્છીય સર્વે શ્રમણ-શ્રમણીવૃંદનો

# વર્ષાવાસ પરિવર્તનોત્સવ

નવકાર મંત્રારાધક, જિનચરણોપાસક,

સાદર પ્રણામ ! જય જિનેન્દ્ર !

તીર્થંકર સમાન... જિનશાસનના વરીષ્ઠ આચાર્યભગવંત... અમારા જીવનમાં તપનો દીવો પ્રગટાવનાર... તરણ તારણહાર... સમસ્ત પરિવારના પરમોપકારી પૂજ્ય ગુરુદેવ સદા જયવંતા વર્તો. એવા તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ.** શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી **મ.સા.**ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી કોરોના અને લોકડાઉનના કપરા કાળમાં... તીર્થાધિરાજની પાવન - પવિત્ર છાયામાં તપ-જપ-ભક્તિ એવં જ્ઞાન ધ્યાનમય આત્મોદ્ધારક ચાતુર્માસ સંપન્ન કરી સરળ સ્વભાવી **પ.પૂ.આ.ભ.** શ્રી કવીન્દ્રસાગરસૂરિ **મ.સા.** તથા પ્રખર વક્તા પ.પૂ.કલ્પતરુસાગરજી **મ.સા.** એવં અચલગચ્છીય વિશાળ શ્રમણી વૃંદના વર્ષાવાસ પરિવર્તનનો અમૂલ્ય લાભ દાદાના ધામમાં અમારા મહાન પુણ્યોદયે અમને પ્રાપ્ત થયો છે. અમે ધન્ય... ધન્ય બન્યા છીએ. અમે અનેરા હર્ષને અનુભવીએ છીએ.

## વર્ષાવાસ પરિવર્તનનો મંગલમય કાર્યક્રમ

## કારતક વદ ૧ સોમવાર તા.30 નવેમ્બર ૨૦૨૦

સવારના ૬.30 કલાકે શેઠ શ્રી કેશવજી નાયક ધર્મશાળાથી સામૈયું

સવારના ૭.૦૦ કલાકે પ.પૂ.આ.ભ.ને વંદન-વિનંતિ

સવારના ૭.૧૫ કલાકે ગુણોદયપુરમ્ પ્રવેશોત્સવ

દર્શન - વંદન - માંગલિક પ્રવચન - નવકારશી

સવારના ૯.30 કલાકે અમારા નિવાસ સ્થાને ગુરુભગવંતોના પગલા-ગુરુપૂજન



**આપ સહુને પધારી અમને લાભ આપવા તથા**

**શાસન શોભામાં અભિવૃદ્ધિ કરવા હાર્દિક આમંત્રણ**

**નિમંત્રક**

**ચિ. નિશ્ચય-મનિષા હરીશ રામજી ખોના, નલીયાતીર્થ - પાલીતાણા**

# સંજીવની કેસ નં.૩૪ માટેના ડોનરોની અનુમોદના

સમસ્ત મહાજન સંચાલિત સંજીવનીમાં કેસ નં.૩૪ જે માતુશ્રી ચંપાબેન ભવાનજી ગોસર, ચુનાભઠ્ઠી ગામ કચ્છ બોરાઈનું છે તેમાં તેમને યોગ્ય સારવાર આપવામાં આવી હતી અને જ્ઞાતિજનો તરફથી પણ સારામાં સારો સાથ સહકાર મળતા તેમને વેળાસર ટ્રીટમેન્ટ પુરી થઈ હતી અને તેમની તંદુરસ્તી સારી થતા તેમને રજા પણ અપાઈ હતી. આ ટ્રીટમેન્ટ માટે સાથ સહકાર આપનાર જ્ઞાતિજનોનું લીસ્ટ નીચે પ્રમાણે છે.

## Anumodana

### Case-34 - Patient - Matushri Champaben Bhavanji Gosar, Mumbai, Kutch - Baroi

| Uranium Patron | Donation (Rs |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 15,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi | 1,000.00 |
| Shri Rajendra Manilal Khona, Suthri, Mulund Mumbai | 1,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Che. Trust , Kutch | 1,000.00 |
| Shri Kumarbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| **Diamond Patron** | |
| Late Smt Hemlata Mulchand Nagda ( H: Shri Bhavin T Nagda ), Tera, Mumbai | 1,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda ( H: Shri Manikant Visanji Nagda), Tera, Mumbai | 1,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 1,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 1,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi ( H: Yogita Dhirish Dharamshi), Kothara, Bijapur | 1,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K Luthia, Raidhanjar | 1,000.00 |
| **Gold Patron** | |
| Matushri Nalini Gulabchand Poladia (Shah), Bayath, Thane | 1,000.00 |
| Shri Sunil Khetashi Khona, Sujapur, Surat | 1,000.00 |
| Shri Manish Pravin Momaya, Varadia, Coimbatore | 1,000.00 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthari, Navi Mumbai | 1,000.00 |
| Matushri Gunwanti Laxmichand Luthia, Raydhanjar, Kolkata | 1,000.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya, Matunga | 1,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 1,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H:-Usha K. Lodaya), Naliya, Vadodara | 1,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya), (H: Tejal Rajesh Shah), Moti Sindhodi, Wadala | 1,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya (H: Smt Anagha Vikas Shah & Parag N Shah), Naliya, Ghatkopar | 1,000.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya, ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapargadhwari, Ahmedabad | 1,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,000.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand), Suthri, Ahmedabad | 1,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund, Mumbai | 1,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 1,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family), Suthri, Ahmedabad | 1,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,000.00 |
| **Silver Patron** | |
| Shri Kamlesh Manekji Dand, Tera, Ankleshwar | 1,000.00 |
| Shri Dnyanesh Chimanlal Dagha, Varadia, Pune | 1,000.00 |
| Smt. Pushpaben Pravinchandra Lodaya (H: Shri Mitesh P Lodaya), Naliya, Bangalore | 1,000.00 |
| Shri Gulab H. Chheda ( H: Shri Nikhil Chheda ), Naliya, Bangalore | 1,000.00 |
| Shri Laxmichand Malshi Jivraj Nagda (H: Shri Jayesh L M Nagda), Rangpur, Bangalore | 1,000.00 |
| Smt. Veenaben Nagda, Walkeshwar, Mumbai | 1,000.00 |

# સંજીવની કેસ નં.૩૪ માટેના ડોનરોની અનુમોદના

| | |
|---|---|
| Late Shri Chandrakant Umarshi Mota (H: Smt. Manjulaben C Mota ), Rapar, Bangalore | 1,000.00 |
| Shri Ravindra Harish Munwar, Jakhau, Bangalore | 1,000.00 |
| Matushri Dhanlaxmi Mulji Lodaya (H: Nita Mahendra Poladia), Dumra, Dubai | 1,000.00 |
| Smt. Vaishali Lalit Shah, Varapadhar, Hyderabad | 1,000.00 |
| Smt. Shantilal Kalyanji Lodaya, Tera, Vadodara | 1,000.00 |
| Shri Pankaj Pashvir Luthia, Nani Khavdi, Sion, Mumbai | 1,000.00 |
| Shri Hiren Umershi Nagda & Family, Boston, USA | 1,000.00 |
| Shri Bhupendra D. Mota, Tera, Malad, Mumbai | 1,000.00 |
| Dr. Usha Harish Lapsia, Suthari, Ambernath, Mumbai | 1,000.00 |
| Matushri Bayabai Shamji Mota, Sukhpur, Lonavala ( H: Prashantbhai Hemntbhai & Jayantbhai) | 1,000.00 |
| Matushri Maniben Ramjibhai Shah ( Lodaya), Nani Khavdi, Sangli | 1,000.00 |
| Shri Nishith Dand and Vadodara KDO & NON KDO Group, Tera, Vadodara | 1,000.00 |
| Matushri Gunvantiben Khimji Maisheri, Nani Sindhodi, Raipur | 1,000.00 |
| Shri Vasantbhai K. Vikamsey, Jakhau, Dadar | 1,000.00 |
| Smt. Priti & Dhananjay Shah, Naliya, Matunga | 1,000.00 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney), Vanku, Ghatkopar | 1,000.00 |
| Matushri Gunvantiben Umarshi Lodaya, Tera, Karanja ( Lad) | 1,000.00 |
| Shri Hirachand Dungarshi Dand, Tera, Hubli | 1,000.00 |
| Matushri Lilavantiben Kunvarji Dharamshi, Kothara, Navi Mumbai | 1,000.00 |
| Matushri Manbai Malshi Motta & PitaShri Malshi K Motta, Kua Padhar, Selam | 1,000.00 |
| Shri Mulji Raghavji Lodaya, Sandhav, Dadar | 1,000.00 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 500.00 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: : Shri Virendra B Lodaya), Naliya, Mulund Mumbai | 500.00 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 500.00 |
| Shri Mitesh Madhukant Dharamshi, Kothara, Gandhidham, Kutch | 500.00 |
| Smt. Javerben Kunverji ( Ramesh ) Mota, Rapar, Mulund, Mumbai | 500.00 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur, Kutch | 500.00 |
| Shri Laxmichand ratansey khona, Suthri, Vile Parle, Mumbai | 500.00 |
| **Other Individual Donations** | |
| **Case-33 Residual Amount** | 11,400.00 |
| Late Shri Pruthviraj Manekji Dharamshi (H:: Jayshreeben) | 11,000.00 |
| Smt. Leela Raichand Ratanshi Nagda Pune | 11,000.00 |
| Shri Dasha Oshwal Jain Wania Mahajan, Baroi | 10,000.00 |
| Well Wisher | 5,000.00 |
| Smt. Neetaben Mahendra Poladiya | 5,000.00 |
| Shri Hiren Somchand Shah (Lodaya), Vadodara | 5,000.00 |
| Smt. Lilavantiben Navinchandra Lodaya, Coimbatore | 2,500.00 |
| Shri Hanskumar laxmichand Chheda | 1,000.00 |
| Shri Devansh Pomesh Momaya | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia | 500.00 |
| Shri Rajesh Jethabhai Momaya, Chennai | 500.00 |
| Shri Mehul Chandrakant Vinzani (Hefa) | 500.00 |

**Thank You Donors for your Generosity & Kindness**

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 90990 41414**

**Thank You Donors for your Generosity & Kindness**

# થાણા અચલગચ્છ જૈન સંઘમાં ત્રિદિવસીય મહોત્સવના દ્વિતીય દિવસે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી પંચ કલ્યાણક અભિષક સંપન્ન થયા





ધ્યાનયોગી ગુરૂદેવ શ્રી ઉદયસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં તા.૨૭ નવેમ્બર શુક્રવાર દિવસે સવારે ૯ કલાકે મેરુ શિખર ઉપર ઈન્દ્ર-ઈન્દ્રાણી સ્વરૂપે શ્રી સંઘ ચંદ્રગ્રહના અધિપતિ, માનસિક શાંતિના કારક, ચંદ્ર દોષ નિવારક શ્રી ચંદ્રપ્રભુ મહામસ્તકાભિષેકના અદ્‌ભૂત પંચકલ્યાણક પૂજન અનુષ્ઠાન ભવ્યાતિભવ્ય રીતે થયા.

લાલ, લીલા, પીળા, ભૂરા, કાળા, નારંગી અને સફેદ રંગથી શ્રી ભગવાન પ્રભુના અભિષેક થયા ત્યારે અદ્‌ભૂત માહોલ સર્જાયો હતો. યુવા મુનિશ્રી ગુણ વલ્લભ સાગરજી મ.સા.ની વાણીથી શ્રી ચંદ્રપ્રભુ સ્વામિજીની આ આરાધના વિશેષ રૂપથી કેવી રીતે કરવી, કોણે કરવી તેના આધ્યાત્મિક લાભ વિગેરે જાણકારી આપી સૌને જ્ઞાત કર્યા હતા. એક ધ્યાન અને મંત્રમુગ્ધતાથી સૌએ આ વિધિમાં જોડાયા હતા.





# થાણા સંઘમાં સીમંધાર સ્વામિ અનુષ્ઠાન સંપન્ન થયા

સર્વ ઉદય-ગુણ ગુરૂભક્ત પરિવારના ગુરૂ સમર્પિત, શ્રાવક નીતિનભાઈ નવિનચંદ્ર હંસરાજ છેડા બિદડાવાલાના નિવાસ સ્થાને તા.૨૩ નવેમ્બર સોમવાર દિને પૂ.ગુરૂદેવના સાંનિધ્યમાં સીમંધાર સ્વામી અનુષ્ઠાન ભક્તિ ભાવપૂર્વક રીતે સંપન્ન થયા. આ અવસરે પુણ્યશાળી લાભાર્થી પરિવાર પોતાના પરમ ઉપકારી ગુરૂભગવંતના ચરણ પક્ષાલન કરી કેસર, કસ્તુરી-બરાસ આદિ ઉત્તમોત્તમ દ્રવ્યથી પૂજન કર્યું. સુવર્ણ વરખ તથા ચાંદીની લગડીઓથી ગુરૂપૂજન કરી ગુરૂતત્વની આસ્થા પ્રકટ કરી. ધર્મ ભાવ પૂજન આરાધનાથી સમગ્ર માહોલ ગુરુભક્તિમય બની ગયો હતો.

પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ્ યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૨૯ નવેમ્બર રવિવાર સુધી થાણામાં સ્થિરતા રહેશે.

# થાણા સંઘમાં ચાતુર્માસ પુર્ણાહૂતિ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવમાં ભક્તામર પૂજન અનન્ય ભાવથી થયું

તા.૨૬ નવેમ્બર ગુરૂવાર દિને શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં ધ્યાન યોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના ચાતુર્માસ પુર્ણાહૂતિ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિને સવારે ૯ થી ૧૦ કલાક સુધી ભક્તામર પૂજનની આરાધના ભાવપૂર્વક થઈ.





ઓજસ્વી પ્રવચનકાર, યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. દ્વારા ભક્તામરની એક એક ગાથાનો રહસ્ય, તેનો મહિમા, તેના અદ્‌ભૂત મંત્ર, તેનો પ્રભાવ, મંત્રની ઉપયોગિતા વિગેરે બાબતોની વિશેષ છણાવટ સાથે વિવેચના કરાઈ. સિદ્ધિના ગુઢ રહસ્યના ભંડાર સ્વરૂપ ભક્તામરની વિશેષતાઓ પ.પૂ.ગુરૂદેવશ્રીના મુખવાણીથી સાંભળી સૌ ધ્યાન મુગ્ધ થઈ ગયા હતા.









# શ્રી શંત્રુજય તીર્થ પાલિતાણામાં આદિનાથ હોસ્પિટલ નિર્માણમાં મહત્વનું યોગદાન આપનાર દાતા પરિવારની અનુમોદના

શ્રી શત્રુંજય તીર્થ પાલિતાણામાં આદિનાથ હોસ્પિટલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં શરૂ છે. અત્રે પૂ.સાધ્વીજી ભગવંત સાધુ ભગવંત આદિ સાથે બીજા સામાન્ય વ્યક્તિઓનું પણ ઉપચાર ઈલાજ થશે. આનું સંચાલન વર્ધમાન જિનેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. આ હોસ્પિટલના બાહ્ય રોગી વિભાગ (ઓપીડી સેક્શન)ના લાભાર્થી સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા પરિવાર નલિયા-સિહોર હસ્તે સૌ. રશ્મિ જૈન અમદાવાદ અને સૌ. પ્રીતિ યશવંત છેડા ભાટાપરા એ પ.પૂ. સાધ્વીજી ગણ શશીપ્રભાજી મ.સા., પ.પૂ.સા.શ્રી સમ્યક દર્શનાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રૂા. અગ્યાર લાખનું લાભ લીધેલ છે.

આ પરિવાર સદાય, ધર્મ, સમાજ અને સેવાના કાર્યમાં અગ્રણી રહી ઉતમોતમ યોગદાન આપતું રહે એ જ શુભકામના સાથે અનુમોદના.

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા સમુહ સ્નાત્ર પૂજન





ભાંડુપ નગરે શ્રી સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા.ની ૨૦મી પુણ્યતિથિ એ પ.પૂ.સાધ્વીજી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.આદી ઠાણા ની શુભ નિશ્રામાં તા.૨૭ નવેમ્બર શુક્રવારે સવારના વર્ધમાન શક્રસ્તવ સ્રોત્ર ધ્વારા અખંડ ધારા અભિષેક સાથે સમુહ સ્નાત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.

# ધમતરીમાં યશોધરા ડેન્ટલ ક્લિનિકનું ગ્રાન્ડ ઓપનિંગ થયું




જખૌ હાલ ધમતરી (છત્તીસગઢ)ના તરૂણ પ્રેમજી શિયાલના પુત્ર ડૉ. અમોલ શાહ (બી.ડી.એસ.)નું આગવું દંત ક્લિનિક યશોધરા ડેન્ટલ ક્લિનિક નામે તા.૨૫ નવેમ્બર બુધવારના ગ્રાન્ડ ઓપનીંગ સમાજ હિતેચ્છુજનો અને સ્નેહી સ્વજનોની ઉપસ્થિતિમાં કરાયું. આ સાહસ બદલ સૌ એ ડૉ. અમોલ શાહ શિયાલને ઉમળકાથી શુભકામનાઓ પાઠવી હતી.

ક્લિનિક સરનામું શનિ મંદિર સામે, સૂરજ મેડિકલની નીચે, બાલક ચૌક, ધમતરી-૪૯૩૭૭૩ (છત્તીસગઢ રાજ્ય)-૯૮૨૭૯૭૦૭૨૯ ઈમેઈલ shahamol0203@gmail.com

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા ઝુમ મીટ પર મહાકાલિ માતાજીની ભાવના રજૂ કરાઈ

તા.૨૨ નવેમ્બર રવિવાર રાત્રે ૮.૩૦ કલાકે જ્ઞાતિની આધિષ્ઠિધિકા દેવી શ્રી મહાકાલિ માતાજીની ભાવના ઝૂમ મીટ પર રજૂ કરાઈ. આ માસની ભક્તિ ભાવનાના લાભાર્થી પરિવાર રહ્યાં હતાં શ્રી ટોકરશી દામજી ધરમશી પરિવાર (જસાપર-મુલુંડ) રહ્યાં હતાં.

# કોચીન સંઘમાં નિશિથભાઈ દંડની શુભેચ્છા મુલાકાત




શનિવાર તા.૨૮ નવેમ્બરના રોજ સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશિથભાઈ દંડ સાઉથ પ્રાંતમાં શુભેચ્છા મુલાકાતે ગયા હતા ત્યારે કોચીન મુકામે કોચીન સંઘના કિશોરભાઈ કુરુવા દ્વારા તેમનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું.

નિશિથભાઈ દંડ એ સમસ્ત મહાજનની ચાલી રહેલી પ્રવૃત્તિઓનો આછો પરિચય આપ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે સંમેલન દરમ્યાન જે પણ સમાજલક્ષી કાર્યો શરૂ થયા છે તે દરેકમાં જ્ઞાતિજનો તરફથી સારામાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને દરેક પ્રવૃત્તિઓ વ્યવસ્થિત ચાલી રહી છે.

UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform

To boost your business is only KDO B2B's motto

Get your Business Advertisement FREE
in our weekly emagazine GYATIMAIYA
at 1st come 1st basis

Advertisement for any of your business,
gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised

POST YOUR
FREE ADS

KDO
BUSINESS

For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# એક્ટ્રેસ એકતા દંડ (જૈન)ને દાદાસાહેબ ફાળકે આઈકોન એવોર્ડ એનાયત



એકતા હિરાચંદ દંડ (જૈન) મંજલ રેલડિયા-મલાડની આપણી જ્ઞાતિની યુવા ટીવી, ફિલ્મ એક્ટ્રેસ, એન્કર મોડેલ, કોરીયોગ્રાફર અને ડબિંગ આર્ટિસ્ટ તરીકે પોતાની કારકિર્દીમાં સાતત્યપણે આગળ વધી રહી છે. જેનો આપણે સૌને હરખ છે.

આ યંગ મલ્ટીટેલેન્ટ પર્સનાલિટી પોતાની એક્ટિંગના ચમકારા ૨૫ થી વધુ ટીવી સિરિયલોમાં બતાવ્યા છે. જેમાં શગુન ઈન્સપેક્ટર વિજય, નૈના, ફેમિલી નં.૧ કહીં દિયા જલે કહીં જિયા, એકથી રાજકુમારી, અપૂન બસ બસ વૈહી, ગાયત્રી મહિમા, જય ગંગા મૈયા, જય જવાલા માં, શાકા લાકા બૂમ બૂમ (એનિમેટેડ), આશા કી કિરણ વિગેરે ઉપરાંત ૧૦ થી વધુ ફિલ્મો પણ કરી છે. જેમાં નાયક ધ રીયલ હિરો, તાલ, અંન્જાને, ધ અનનોન, ચોરી ચોરી ચૂપકે ચૂપકે વિગેરે છે.




આ ઉપરાંત તેણીએ બમ્બઈ કી હવા કર ગઈ તબાહ (હીન્ગલીંશ) અતિથિ (હિંન્ગલીશ), મા બાપ બહાર હોય તેવું (અંગ્રેજી) મિલેટરી કેમ્પ (હિન્દી), મીનાનો માંડવો (ગુજરાતી), ઉધવ સંવાદ (સંસ્કૃત), અભિશાપ કર્ણ (સંસ્કૃત) જેવા નાટકો પણ કર્યા છે. આ સિવાય 'મૈ હૂં દિવાના' નામે મ્યુઝિક આલ્બમ પણ કર્યું છે. તે સિવાય બી.કે.સી.ખાતે સ્વયં સિધ્ધ, કચ્છ વર્લ્ડ બ્યૂટી કોન્ટેસ્ટ જેવા ફેશન શો નો હિસ્સો બની છે. મિસ મલાડ કોન્ટેસ્ટમાં બેસ્ટ સ્માઈલ જ્યારે મિસ બોરીવલી કોન્ટેસ્ટમાં બેસ્ટ કેટવોકના પ્રાઈઝ એકે કર્યા છે. ઘણા ફેશન શો, મ્યુઝિક આલ્બમ માટે કોરિયોગ્રાફી કરી છે. વિષ્ણુ પુરાણ, મા શક્તિ, શક્તિમાન દુર્ગા (ટેલીફિલ્મ) અને હમે તુમસે પ્યાર હુઆ ચૂપકે ચૂપકે (ફિલ્મ) માટે ડબ કર્યું છે.

આમ વ્યવસાયિક આર્ટિસ્ટ તરીકે અનેક ક્ષેત્રે પોતાનું સફળ યોગદાન આપ્યું છે. તો સોશ્યલ વર્કર તરીકે પણ તે આગળ રહી છે. પ્રેમ સદન નામક એન.જી.ઓ. સાથે ગાઢ પણે સંકળાયેલી છે. તે ઉપરાંત બાલ ભવન મલાડ અને અંધેરી, સેન્ટ કેથરિન આર્ફેનેજહોમ એન્ડ ઓલ્ડએજહોમ અંધેરી સ્માઈલ ફાઉન્ડેશન અંધેરી, જુહુ સ્ટ્રીટ સ્કૂલ અંધેરી એક્સેસ લાઈફ એન.જી.ઓ. જે કેન્સર પેશન્ટ બાળકોને સમર્પિત છે. તેની સાથે સક્રિયપણે સંકળાયેલી છે.

તેમની દ્વાપર પ્રમોટર્સ કાં તેમની પાર્ટનરશીપ ફર્મ છે. તેને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીના હસ્તે કોરોના કાળમાં ઉતમ એવા યોગદાન આપવા બદલ તેમને કોરોના વોરિયર્સ તરીકે સન્માનિત કરી છે. આ સન્માન સમારોહ રાજભવનમાં યોજાયો હતો અને તેમની ફર્મના પાર્ટનર કાં વતી આ માન સ્વીકાર્યું હતું. આ ઉપરાંત વ્યક્તિગત રીતે તેઓ કોરોના સમયમાં જરૂરિયાતમંદોને મદદ આપી તેમના હામી બન્યાં હતાં.







# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● પૂર્વ કચ્છમાં ગાંધીધામ તાલુકાના ગળ પાદર ખાતે આવેલી પૂર્વ કચ્છની જિલ્લા જેલ ખાતે કોરોના સંક્રમણને અટકાવવા લેવાયેલા વ્યાપક પગલાં ને કારણે હજુ સુધી જેલનો એક પણ કેદી સંક્રમિત થયો નથી. જેલ ખાતે ૨૨ માર્ચથી જ કેદીઓને રૂબરૂ મુલાકાત અને ઘરના ખોરાક ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેની સ્થાને પરિવારજનો સાથે કેદીઓની ઈ-મુલાકાત અને ટેલિફોનિક વાતચીત કરાવવામાં આવી રહી છે. પ્રતિકાર શક્તિ વધે એ માટે રોજ સર્વેને ઉકાળો બની પીવડાવવામાં આવે છે. ૬૦ વર્ષ ઉપરના અને બીમાર કેદીઓને વધારાના ડાયટ તરીકે દુધ, સફરજન, કેળા આપવામાં આવે છે. રેગ્યુલર જેલના મેડિકલ ઓફિસર દ્વારા સ્કીનીંગ, બ્લડપ્રેશર, સુગરની ચકાસણી કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા હોમયોપેથિક આર્સેનિક આલ્બમ ૩૦ની ગોળી પૂરી પાડવામાં આવી રહી છે. પીપીઈ કિટ, માસ્ક, સેનિટાઈઝર પણ જેલ ખાતે આપવામાં આવ્યા છે. નવા બંદીવાનોનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ નવા કેદીઓને અન્ય બંદીવાનોથી ૧૪ દિવસ કોરોન્ટાઈન રાખવામાં આવે છે.

● છેલ્લા સાત માસથી કોરોનાનો કેર સર્વત્ર હાહાકાર મચાવી રહ્યો છે. જેની અસર તમામ દેશોના અર્થતંત્રને ભારે જફા પહોંચી છે. વ્યાપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે. કચ્છમાં આયાત થતાં ટિમ્બરની ઉપર પણ વ્યાપક પડી છે. કચ્છમાં બે બંદરો કંડલા અને મુંદ્રા બંદરથી થતી ટિમ્બરનો આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઓછી આયાત, શ્રમિકોની તંગી, પરિવહનના ભાડામાં વધારો સહિતના કારણોસર એશિયાના સૌથી મોટા ઉદ્યોગને ૧૮ ટકા જીએસટીની માર ઉપરાંત વધારાનો મોટો આર્થિક ફટકો સહન કરવો પડ્યો છે.

● કચ્છના ચેસ ખેલાડીઓ માટે ભુજની સિટી ચેસ ક્લબ દ્વારા ચેસ હરીફાઈ યોજાઈ હતી. લોકડાઉન બાદ આ પ્રથમવાર યોજાયેલી ટુર્નામેન્ટમાં ભુજ, નખત્રાણા અને અંજારના બાળકોએ સોશ્યલ ડિસ્ટેન્સિંગનું પાલન કરીને ભાગ લીધો હતો. અંડર-૧૧, અંડર ૧૬ વિભાગમાં બોય અને ગર્લ્સ કેટગેરીના વિજેતાઓને ટ્રોફી તથા સર્વે સ્પર્ધકોને પ્રમાણપત્ર અપાયા હતા. ટુર્નામેન્ટના રેફરી નેશનલ ચેસ ખેલાડી દક્ષ ઠક્કર રહ્યા હતા. આગામી સમયમાં બીજી ટુર્નામેન્ટનું આયોજન થવાની માહિતી અપાઈ હતી.

● પૂર્વ કચ્છની ગળ પાદર સ્થિત જિલ્લા જેલમાં શ્રી સર્વ જીવકલ્યાણ ટ્રસ્ટના સહયોગથી ત્રણ હજાર ફૂલ ઝાડનું વાવેતર કરાયું હતું અને જેલના બંદીવાનો દ્વારા સતત તેની જાળવણી કરાઈ રહી છે. વૃક્ષો સાથે ૧૦૦ જેટલા ચકલીઘર પણ લગાડાયા છે. જેમાં નિયમિત ચણ અને પાણીની વ્યવસ્થા કરાઈ છે. આમ રાજ્યની પ્રથમ ગ્રીન જેલ બનવાનું માન ગળ પાદર જેલને મળ્યું છે.

● લખપત તાલુકામાં તીર્થસ્થાન નારાયણ સરોવર નજીક હમન ખુડી ખાતે આવેલા પ્રાચીન ઝૂલેલાલ મંદિરનો રૂા.દોઢ કરોડના ખર્ચે જીર્ણોધ્ધાર કરવાની સાથે ભાવિકો માટે અતિથિગૃહ, ભોજનાલય સહિતની સગવડો ઊભી કરાશે. ઝૂલેલાલ ઉડેરા લાલ મંદિર સેવા સમિતિના તેમજ કચ્છ બૃહદ કચ્છના રઘુવંશીઓની મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

● ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને વેલ સ્પન ગ્રુપ વચ્ચે આ ગ્રુપ દ્વારા કચ્છમાં રૂા.૧૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર સ્ટીલ પ્લાન્ટ અને આર્યન પાઈપ પ્રોજેક્ટસ અંગેના એમઓયુ થયા. વેલ સ્પન ગ્રુપના આ પ્રોજેક્ટમાં કચ્છ વિસ્તારના બે હજાર જેટલા યુવાનોને રોજગારી મળશે.

# જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૦.૨૦૨૦ | રાયપુર | સેજલ વિજય શિવજી લોડાયા | મોટી સિંધોડી | ૨૬ |
| | જલગાંવ | ધવલ ગિરીશ પોલડીયા | ગોયરસમા | ૩૦ |
| ૨૦.૧૧.૨૦૨૦ | ચેન્નઈ | મેહુલ અરૂણ પાશ્વીર ધરમશી | તેરા | ૩૧ |
| | સુજાલપુર (મ.પ્ર) | શ્રધ્ધા લલિત શાંતિલાલ લોડાયા | નલિયા | ૨૬ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**બાયાબાઈ(મંજુલા) સિયાલ**
તા.૧૮ નવે. (ઉ.૮૫)
દલતુંગી-ભાંડુપ (પ.)



**ચંદ્રકાંત નાગડા**
તા.૧૮ નવે. (ઉ.૭૪)
નલિયા-ખામગામ



**લહેરચંદ ખોના**
તા.૧૮ નવે. (ઉ.૬૦)
વરાડીયા-ડોંબિવલી (પૂ.)



**ભુપેન્દ્ર મૈશેરી**
તા.૨૨ નવે. (ઉ.૭૫)
જખૌ-મુલુંડ



**ખીમજી લોડાયા**
તા.૨૭ નવે. (ઉ.૭૦)
જખૌ-ડોંબિવલી



**કુલીન પી. મુનવર**
તા.૨૪ નવે. (ઉ.૫૭)
કોઠારા-ભુજ



**પ્રવિણચંદ્ર મોમાયા**
તા.૨૨ નવે. (ઉ.૬૬)
બારોઈ-સેંધવા



**મુલચંદ કાંકન**
તા.૨૬ નવે. (ઉ.૬૭)
સાંધાણ-વડોદરા





**નવલબાઈ ધરમશી**
તા.૨૫ નવે. (ઉ.૮૨)
સુથરી-દાદર(ઈ)



**મંજુલાબેન નાગડા**
તા.૨૨ નવે. (ઉ.૭૧)
રંગપુર-રંગપુર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO